પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૩૨૮ | ૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૦, સોમવાર; મહા વદ - ૧/૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# અંડર-૧૯ વર્લ્ડકપમાં બાંગ્લાદેશ ચેમ્પિયન

**વરસાદના વિઘ્ન બાદ ડક વર્થ લુઇસ પદ્ધતિના આધાર પર બાંગ્લાદેશની જીત : લો સ્કોરિંગ મેચમાં ભારત પર અંતે બાંગ્લાદેશની જીત : બાંગ્લાદેશ પ્રથમ વખત ચેમ્પિયન : ભારતને અંતે નિરાશા**



નવીદિલ્હી, તા. ૯

આઈસીસી અન્ડર-૧૯ વર્લ્ડકપની ફાઈનલ મેચ નિર્ણાયક તબક્કામાં પહોંચ્યા બાદ વરસાદ વિલન બનતા રોકવાની ફરજ પડી હતી. જો કે, આ મેચ અંતે ડક વર્થ લુઈસ પદ્ધતિના આધાર પર બાંગ્લાદેશની તરફેણમાં જતી રહી હતી. આ લો સ્કોરિંગ મેચમાં ભારતે પ્રથમ બેટિંગ કરતા માત્ર ૧૭૭ રન કર્યા હતા. જવાબમાં બાંગ્લાદેશે ધબડકામાંથી બહાર નિકળીને અંતે જીત મેળવી હતી. ૨૩ બોલ ફેંકવાના બાકી હતી ત્યારે બાગ્લાદેશે મેચને ત્રણ વિકેટે જીતી લીધી હતી. આની સાથે જ બાંગ્લાદેશ પ્રથમ વખત અંડર-૧૦ વર્લ્ડ કપ ચેમ્પિયન બનવામાં સફળ રહ્યુ હતુ. ભારતને નિરાશા હાથ લાગી હતી. ભારત તરફથી ઓપનિંગ બેટ્સમેન જયસ્વાલે શાનદાર ફોર્મ જાળવી રાખીને ૮૮ રન કર્યા હતા. આ ઉપરાંત તિલક વર્માએ ૩૮ રન કર્યા હતા. ભારતે તેની પાંચ વિકેટ ૧૫૬ રને ગુમાવી હતી. ત્યારબાદ ભારતનો કરુણ રકાશ થયો હતો અને બાકીની તમામ વિકેટો ૧૭૭ રનમાં જ ગુમાવી દીધી હતી. એટલે કે છેલ્લી પાંચ વિકેટ માત્ર ૧૯ રનમાં ગુમાવી દેતા મોટા સ્કોર કરવાની આશા ઉપર પાણી ફરી વળ્યું હતું. ભારત તરફથી જયસ્વાલે આઠ ચોગ્ગા સાથે રન બનાવ્યા હતા.

## રાજસ્થાનમાં સીએએને લાગૂ કરવા સી પી જોશીની માંગણી

**કોંગ્રેસી નેતાના નિવેદનથી જોરદાર ખળભળાટ : કોંગ્રેસમાં અસંતોષનું મોજુ : ભાજપે વિધાનસભા અધ્યક્ષ જોશીના નિવેદનનું કરેલ સ્વાગત**

જયપુર, તા. ૯

રાજસ્થાન કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને વિધાનસભા અધ્યક્ષ સીપી જોશીએ નિવેદન



જારી કરીને કોંગ્રેસ પાર્ટીમાં જ ખળભળાટ મચાવી દીધો છે. નાગરિક સુધારા કાનૂનને લાગૂ કરવાના નિવેદન ઉપર હવે ભાજપના નેતા પણ સીપી જોશીને અભિનંદન આપી રહ્યા છે. રાજસ્થાન ભાજપના અધ્યક્ષ સતીષ પુનિયા અને અન્યોએ શશી થરુર અને કપિલ સિબ્બલ જેવા કોંગ્રેસી નેતાઓના નિવેદનનો પણ ઉલ્લેખ કર્યો છે. આ લોકોએ કાનૂની મજબૂરીના પરિણામ સ્વરુપે સીએએને લાગૂ કરવાની મોટી વાત કરી છે. સતીષ પુનિયાએ કહ્યું છે કે, તેઓ સીપી જોશીના નિવેદનનું સ્વાગત કરે છે તેમને અભિનંદન પણ આપે છે. તેઓએ સીએએનું સમર્થન કર્યું છે.

આ પહેલા પણ કોંગ્રેસના કેટલાક નેતા શશી થરુર, જયરામ રમેશ, સલમાન ખુરશીદ અને કપિલ સિબ્બલ નિવેદન કરી ચુક્યા છે કે, નાગરિક સુધારા કાનૂનને લાગૂ કરવામાં આવશે. હકીકતમાં સીપી જોશીએ શુક્રવારના દિવસે ઉદયપુરમાં એક કાર્યક્રમમાં કહ્યું હતું કે, કેન્દ્ર દ્વારા બનાવવામાં આવેલા નાગરિક સુધારા કાનૂન એટલે કે સીએએને દરેક

● અનુસંધાન પાન-૭ પર

## આજે કર્ણાટકમાં ખાતાઓની વહેંચણી થશે : યેદિયુરપ્પા

બેંગ્લુરુ,તા.૯

નવા લેવામાં આવેલા પ્રધાનોમાં મહત્ત્વના પોર્ટફોલિયો માટે થઈ રહેલી ખેંચતાણ વચ્ચે કર્ણાટકના મુખ્ય પ્રધાન યેદિયુરપ્પાએ જણાવ્યું છે કે પોર્ટફોલિયોની ફાળવણી સોમવારેના રોજ થશે. બધી તૈયારી થઈ ગઈ છે, પરંતુ શનિવારે રજા હોવાથી પોર્ટફોલિયોની ફાળવણી સોમવારે સવારે થશે, એમ યેદિયુરપ્પાએ જણાવ્યું હતું. કોંગ્રેસ-જેડીએસથી ગઠબંધનવાળી સરકારમાંથી પક્ષપલટો કરી તેમને લઘુમતીમાં મૂકી ભાજપને સત્તા પર આવવામાં મદદ કરનાર દસ વિધાનસભ્યોને યેદિયુરપ્પાએ કેબિનેટ સીટ આપી છે.

## ભારતીય શીખ શ્રદ્ધાળુઓને કરતારપુરમાં પાસપોર્ટ વિના પ્રવેશ માટે પાકની વિચારણા

ઈસ્લામાબાદ,તા.૯

ગુરુદ્વારા દરબાર સાહિબની મુલાકાત લેવા વધુને વધુ લોકો આવે તે માટે ભારતીય તીર્થ યાત્રીઓને પાસપોર્ટ વગર કરતારપુર વિસ્તારમાં પ્રવેશ આપવા અંગે વિચારણા ચાલી રહી છે, એમ વિદેશ પ્રધાન ઈજાઝ શાહે જણાવ્યું હતું.

ગયા વર્ષે નવેમ્બરમાં સીમા પર આવેલા આ ઐતિહાસિક તીર્થસ્થળનું ઉદ્ઘાટન ભારત અને પાકિસ્તાને અલગ અલગ કર્યું હતું. પાકિસ્તાનના નરોવાલ જિલ્લાના કરતારપુર વિસ્તારમાં આવેલા શીખ ધર્મના તીર્થસ્થળ ગુરુદ્વારા દરબાર સાહિબ પહોંચવાનો આ સૌથી સરળ અને ટૂંકો માર્ગ છે. અહીં ગુરુ નાનકે તેમના જીવનના ૧૮ વર્ષ ગુજાર્યા હતા.

ભારત અને પાકિસ્તાન વચ્ચે થયેલા કરાર પ્રમાણે હાલમાં ભારતીય શ્રદ્ધાળુઓને અહીં પાસપોર્ટ વગર પ્રવેશ આપવામાં આવતો નથી. તેમ છતાં અહીં વધુને વધુ મુલાકાતીઓને આકર્ષવા માટે ભારતીય શ્રદ્ધાળુઓને પાસપોર્ટ વગર પ્રવેશ આપવામાં આવે એવો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે.

## એક્ઝિટ પોલના તારણ અંતે ખોટા રહેશે : ભાજપ-કોંગ્રેસ

**એક્ઝિટ પોલ અને પરિણામોમાં મોટો તફાવત હશે : પ્રકાશ જાવડેકર**
**કોંગ્રેસ પાર્ટીનો દેખાવ સારો રહેશે : પ્રભારી પી. સી. ચાકોનો મત**





નવીદિલ્હી, તા. ૯

દિલ્હી વિધાનસભાની ચૂંટણીના પરિણામ જાહેર કરવામાં આવે તે પહેલા જ કોંગ્રેસ પાર્ટીએ પરોક્ષરીતે હાર સ્વિકારી લીધી છે. જો કે, કોંગ્રેસ પાર્ટીના દિલ્હી વિધાનસભા ચૂંટણી પ્રભારી પીસી ચાકો અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી પણ કહી ચુક્યા છે કે, એક્ઝિટ પોલ કરતા ચૂંટણી પરિણામ અલગ રહેશે. એક્ઝિટ પોલને ફગાવી દઈને તેમણે કહ્યું છે કે, વાસ્તવિક પરિણામ કંઈ અલગ રહેશે. કોંગ્રેસ પાર્ટીના સર્વેના અંદાજ વધુ સારા દેખાવવાના સંકેત આપે છે. તેમની નજરમાં એક્ઝિટ પોલના તારણ અલગ રહે છે. શનિવારના દિવસે મતદાન પૂર્ણ થયા બાદ એક્ઝિટ પોલના તારણ આવ્યા હતા જેમાં તમામ એક્ઝિટ પોલમાં આમ આદમી પાર્ટીની વાપસી થઈ રહી છે જ્યારે કોંગ્રેસ પાર્ટીની સ્થિતિ પહેલા કરતા પણ વધારે ખરાબ થઈ રહી છે. પીસી ચાકોનું કહેવું છે કે, તમામ બાબત પરિણામો ઉપર આધારિત છે. પરિણામ આવી ગયા બાદ જ વધારે વાત કરવામાં આવશે. કોંગ્રેસ સર્વેના અંદાજથી સારી અપેક્ષા રાખે છે. મુસ્લિમ સમુદાયના લોકો કોંગ્રેસ પાર્ટીને છોડીને

● અનુસંધાન પાન-૭ પર

## રામ મંદિર ટ્રસ્ટની ૧૯મીએ પ્રથમ બેઠક

**રામ મંદિર નિર્માણની તારીખ ૧૯ ફેબ્રુઆરીએ જાહેર થાય તેવી વકી : મિટિંગમાં ટ્રસ્ટના અધ્યક્ષ, મહામંત્રી અને કોષાઅધ્યક્ષની ચૂંટણી હાથ ધરાશે મંદિર નિર્માણ કામ રામ નવમીથી શરૂ થવાની શક્યતા : ઉત્સુકતામાં વધારો**

નવીદિલ્હી, તા. ૯

અયોધ્યામાં રામ મંદિર નિર્માણ તથા તેની દેખરેખ માટે બનાવવામાં આવેલા ટ્રસ્ટ શ્રીરામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્રેની પ્રથમ બેઠક ૧૯મી ફેબ્રુઆરીના દિવસે દિલ્હીમાં મળી રહી છે. મળેલી માહિતી મુજબ આ બેઠકમાં ટ્રસ્ટના અધ્યક્ષ, મહામંત્રી અને કોષ અધ્યક્ષની ચંટણી કરવામાં આવશે. સાથે સાથે મંદિર નિર્માણ માટેની તારીખની જાહેરાત પણ કરવામાં આવી શકે છે. સુત્રો ઉપર વિશ્વાસ કરવામાં આવે તો રામ નવમી અથવા તો અક્ષયતૃતિયા એટલે કે બીજી એપ્રિલ અથવા તો ૨૬મી એપ્રિલથી રામ મંદિરના નિર્માણ કામગીરીની શરૂઆત પર સહમતિ થઈ શકે છે. અયોધ્યા કેસમાં લાંબા સમયથી હિન્દુ પક્ષની તરફેણ કરનાર કે પરાસરણ છે જે શ્રીરામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્રના ટ્રસ્ટી તરીકે છે. શ્રીરામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટમાં કુલ ૧૫ સભ્યો રહેલા છે. પદ્મભૂષણ અને પદ્મવિભૂષણ જેવા પુરસ્કારોથી સન્માનિત પરાશરણ ઉપરાંત આ ટ્રસ્ટમાં જગતગુરુ શંકારાચાર્ય સ્વામી વાસુદેવાનંદ સરસ્વતી, જગતગુરુ માધવચાર્ય, યુગપુરુષ પરમાનંદ મહારાજ અને સ્વામી ગોવિંદ દેવગીરીનો સમાવેશ કરાયો છે. આ ઉપરાંત અયોધ્યા રાજ પરિવારના બિમલેન્દ્ર મોહન પ્રતાપ, હોમિયોપેથીના તબીબ અને સંઘના અવધ પ્રાંતના અનિલકુમાર મિશ્રા, ૧૯૮૯ના રામ મંદિર આંદોલનમાં પ્રથમ ઈંટ મુકનાર પ્રથમ કારસેવક કામેશ્વર ચૌપાલ અને નિર્મોહી અખાડાના મહંત દિનેન્દ્રદાસને ટ્રસ્ટમાં સામેલ કરાયા છે. અત્રે નોંધનીય છે કે, ૫મી ફેબ્રુઆરીના દિવસે અયોધ્યામાં રામ મંદિર નિર્માણ માટે ટ્રસ્ટ બનાવવાને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકારે લીલીઝંડી આપી હતી. આની સાથે જ ટ્રસ્ટની રચનાને લઈને ચાલી રહેલી અટકળોનો અંત આવ્યો હતો. આ ટ્રસ્ટમાં ૧૫ ટ્રસ્ટીઓને સામેલ કરવામાં આવ્યા છે. મોદીએ જાહેરાત કરતા કહ્યુ હતુ કે સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ સરકારે શ્રીરામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્રની રચનાના પ્રસ્તાવને પસાર કરી દેવામાં આવ્યો છે.

## ચીનમાં કોરોના બેકાબૂ

**વધુ ૮૯ લોકોના મોતથી ચકચાર : અસરગ્રસ્ત લોકોની સંખ્યા ૩૭૦૦૦થી વધુ : સાર્સ વાયરસ કરતા પણ મોતનો આંક ઉપર પહોંચી ગયો**

બેજિંગ,તા. ૯

ચીનમાં કોરોનો વાયરસના કારણે ૮૯ લોકોના મોત થતાં મોતનો આંકડો વધીને ૮૧૫ ઉપર પહોંચી ગયો છે. આની સાથે જ આ વાયરસના કારણે મોતનો આંકડો હવે વર્ષ ૨૦૦૩માં આતંક મચાવનાર સાર્સ કરતા પણ ઉપર પહોંચી ચુક્યો છે. ૨૦૦૩માં સાર્સના કારણે પણ ૭૭૪ લોકોના મોત થયા હતા અને ૮૦૦૦થી વધુ લોકો અસરગ્રસ્ત થયા હતા. એકબાજુ કોરોના વાયરસના કારણે વૈશ્વિક સ્તર પર મોતનો આંકડો ૨.૨ ટકા છે જ્યારે સાર્સના કારણે આ આંકડો પ્રમાણમાં ઓછો રહ્યો હતો. થાઈલેન્ડ, ફ્રાંસ, સિંગાપોર સહિતના દેશોમાં વાયરસના ૪૦ નવા કેસ સપાટી ઉપર આવી ચુક્યા છે. બીજી બાજુ ચીનના નેશનલ હેલ્થ કમિશને જાહેરાત કરી છે કે, કોરોના વાયરસથી મોતનો આંકડો વધીને હવે ૮૧૫ ઉપર પહોંચ્યો છે જ્યારે અસરગ્રસ્તોની સંખ્યા ૩૭૧૯૮ સુધી પહોંચી ગઈ છે. કોરોના વાયરસના કારણે અલગથી હોસ્પિટલ બનાવી દેવામાં આવ્યા છે. ચીન સરકાર દ્વારા વાયરસના ફેલાવાને રોકવા માટે બનતા તમામ પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. દરરોજ હજારોની સંખ્યામાં નવા કેસો સપાટી પર આવી રહ્યા છે.

## હડતાલને પગલે માર્ચમાં પાંચ દિવસ બેંક બંધ રહેવાના સંકેતો

**બેંક કર્મીઓ માર્ચમાં ૧૧મીથી ૧૩મી સુધી પુનઃ હડતાળ પર ઉતરવા ઇચ્છુક : જુદી જુદી માંગને લઇને બેંક કર્મચારીઓ ફરીથી હડતાળ પર ઉતરશે**

નવીદિલ્હી, તા. ૯

માર્ચ મહિનામાં ફરી એકવાર બેંકો સતત પાંચ દિવસ સુધી બંધ રહી શકે છે. કારણ કે, બેંક કર્મચારીઓ ફરી હડતાળ ઉપર ઉતરવાની તૈયારી કરી રહ્યા છે. બેંક એમ્પ્લોઈઝ ફેડરેશન ઓફ ઈન્ડિયા અને ઓલ ઈન્ડિયા બેંક એમ્પ્લોઈઝ એસોસિએશન તરફથી કહેવામાં આવ્યું છે કે, જો તેમની માંગોને સ્વિકાર કરવામાં નહીં આવે તો જાહેર ક્ષેત્રની તમામ બેંકના કર્મચારી ૧૧-૧૩મી માર્ચની વચ્ચે ત્રણ દિવસ માટે હડતાળ ઉપર ઉતરી જશે. બજેટના દિવસે અને તેનાથી એક દિવસ પહેલા જ હડતાળ પાડવામાં આવી હતી. બેંક કર્મચારીઓની હડતાળ પડ્યા બાદ સરકાર ઉપર દબાણ વધારવામાં આવ્યું હતું. બેંક કર્મચારીઓનું કહેવું છે કે, માર્ચ મહિનામાં ફરીથી ત્રણ દિવસ માટે હડતાળ પર જઈ શકે છે. જો આવું થશે નહીં તો માર્ચના બીજા સપ્તાહમાં ફરીથી પાંચ દિવસની હડતાળ પાડવામાં આવશે. જાહેર ક્ષેત્રની તમામ બેંકોના કર્મચારી ૧૧-૧૩મી માર્ચ વચ્ચે ત્રણ દિવસની હડતાળ પર જશે. ૧૪મી માર્ચના દિવસે બીજો શનિવાર અને ૧૫મી માર્ચના દિવસે રવિવાર હોવાથી બેંક સતત પાંચ દિવસ બંધ રહેશે. બેંક કર્મચારીઓની માંગ છે કે, પગારમાં વધારાને

● અનુસંધાન પાન-૭ પર

## બઢતીમાં અનામત કેસમાં સુપ્રીમના ચુકાદાથી ચિરાગ પાસવાન અસહમત

**સુપ્રીમનો ચુકાદો પુણે પેક્ટની વિરુદ્ધમાં છે : જુની વ્યવસ્થાને યથાવત રાખવા મોદી સરકારને અનુરોધ : ચિરાગ**

નવીદિલ્હી, તા. ૯

બિહારની લોકજન શક્તિ પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અને સાંસદ ચિરાગ પાસવાને સરકારી નોકરી અને પ્રમોશનમાં અનામત પર સુપ્રીમ કોર્ટના ચુકાદાને લઈને અસહમતિ દર્શાવી છે. કોર્ટે ૭મી ફેબ્રુઆરીના દિવસે આપેલા ચુકાદામાં કહ્યું હતું કે, સરકાર અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત જાતિને સરકારી નોકરી, પ્રમોશનમાં અનામત આપવા માટે બંધાયેલી નથી. એલજેપીના નેતા પુના પેક્ટનો ઉલ્લેખ કરતા કહેવામાં આવ્યું છે કે, જુની વ્યવસ્થાને ચલાવી લેવામાં આવે તે મહત્વપૂર્ણ બાબત છે. એલજેપીના નેતાએ ટ્વિટ કરીને કહ્યું છે કે, સુપ્રીમ કોર્ટ દ્વારા સાતમી ફેબ્રુઆરી-૨૦ના દિવસે આપવામાં આવેલા નિર્ણય જેમાં સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, સરકાર અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગને સરકારી નોકરી આપવા માટે બંધાયેલી છે.







